ક્રમાંક: હિસાબી–૫/જીપીએફ/૨૦૧૯/૪૦૨૮૯

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ :– ૦૧/૦૮/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

વિષય :– બિન સરકારી ગ્રાન્ટેડ માધ્ય. અને ઉચ્ચ. માધ્ય. શાળાઓના કર્મચારીઓના જી.પી.એફ. કપાત કરવા તેમજ બંધ કરવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનુંકે તમારી શાળામાં ફરજ બજાવતા કર્મચારીઓ જેઓ જી.પી.એફ. ખાતા ધરાવે છે. તેવા કર્મચારીઓનો માસિક જી.પી.એફ. કપાત ફાળો બેઝિક ના ૧૦% પ્રમાણે કરવાનો હોય છે. પરંતુ ઘણા કર્મચારીઓનો માસિક જી.પી.એફ. કપાત ફાળો બેઝિકના ૧૦% પ્રમાણે થતો નથી જેના કારણે જિલ્લા સહાયક સ્થાનિક હિસાબ ભંડોળ, પાલનપુર દ્વારા નીરીક્ષણ સમયે પારાઓ લેવામાં આવેછે. કર્મચારીઓ નો માસિક જી.પી.એફ.કપાત ફાળો બેઝિક પગાર ના ૧૦% ફરજિયાત પણે કપાત કરવાની રહેશે. તેમજ પગાર ના ૫૦% કરતા વધુ કપાત થતી નથી તે બાબત નું પ્રમાણપત્ર આપવાનું રહેશે.
જે કર્મચારીઓ વય નિવૃત થવાના હોય તેમના વયનિવૃત ના ૬( છ) માસ અગાઉ જી.પી.એફ કપાત બંધ કરવાની રહેશે.

જે કર્મચારીઓનો જી.પી.એફ. કપાત ફાળો બેઝિકના ૧૦% કરતા ઓછી થયેલ હશે અને વય નિવૃતિના ૬(છ) માસ પહેલા કપાત બંધ કરવામાં આવેલ નહી હોય આ અંગે ભવિષ્યમાં જે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપુર્ણ જવાબદારી આચાર્યશ્રી ની અંગત રહેશે. જેની ખાસ નોંધ લેશો.

વય નિવૃત ની તારીખ પછી થી ૩(ત્રણ) માસ માં જી.પી.એફ. આખરી ઉપાડની ફાઈલ રજુ કરવાની રહેશે ફાઈલ મોડી રજુ થયેથી વ્યાજનો પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપુર્ણ જવાબદારી આચાર્યશ્રી ની રહેશે. જેની ખાસ નોંધ લેવા જણાવવમાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા, પાલનપુર.

Scanned by CamScanner